






શપથવિધિ સમારોહ : નરેન્દ્ર મોદીની સેકન્ડ ઈનિંગ ધમાકેદાર આરંભાઈ હતી. આજે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ બીજી વખત તેમની સરકારના શપથગ્રહણ કર્યા હતા. આ પ્રસંગે દેશની જાણીતી હસ્તીઓ અને રાજકીય આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. દેશ - વિદેશના આઠ હજારથી વધારે મહેમાનોની ઉપસ્થિતિમાં યોજાયેલ શપથવિધિ દેશના ઈતિહાસમાં એક અનોખી ઘટના નોંધાઈ હતી.

# મોદીના શપથની સાથે સાથે

નરેન્દ્ર મોદીએ આજે સાંજે ભારતના વડાપ્રધાન તરીકે સતત બીજી વખત શપથ લીધા હતા. આની સાથે જ મોદીએ એક નવો રેકોર્ડ સર્જ્યો હતો. શપથવિધિની સાથે સાથે નીચે મુજબ છે.

- પશ્ચિમ બંગાળના મુખ્યપ્રધાન મમતા બેનર્જી ગેરહાજર રહ્યા
- મોદીએ રાષ્ટ્રપતિ ભવનમાં આયોજિત કાર્યક્રમમાં શપથ લીધા ત્યારે રોમાંચક વાતાવરણ સર્જાયું
- મોદી બાદ રાજનાથસિંહે શપથ લીધા
- ત્રીજા નંબર ઉપર અમિત શાહે કેબિનેટ મંત્રી તરીકેના શપથ લીધા
- મોદીની સાથે ૨૪ કેબિનેટ મંત્રીઓએ શપથ લીધા
- એનડીએના સાથી પક્ષ રામવિલાસ પાસવાને પણ શપથ લીધા
- પૂર્વ વિદેશ સચિવ એસ. જયશંકરે કેબિનેટ મંત્રી તરીકે શપથ લઈને તમામને ચોંકાવ્યા
- મુસ્લિમ ચહેરા તરીકે નકવીને પણ કેબિનેટમાં જગ્યા મળી
- નીતિન ગડકરીએ પણ મંત્રી તરીકે શપથ લીધા
- છ વખત લોકસભાના સભ્ય રહી ચુકેલા સંતોષ ગંગવારે રાજ્યમંત્રી તરીકે શપથ લીધા
- બોલીવુડમાંથી શાહિદ કપૂર, કંગના રાણાવત, અનિલ અંબાણી, મુલાયમસિંહ યાદવ પણ ઉપસ્થિત
- મોદી સરકારમાં સામેલ થવાનો નીતિશકુમારે ઈન્કાર કર્યો
- મોદીએ હિન્દી ભાષામાં જ શપથ લીધા, રાષ્ટ્રપતિએ શપથ લેવડાવ્યા
- આમંત્રિત તમામ મહેમાનો છ વાગ્યાની આસપાસ રાષ્ટ્રપતિ



ભવનમાં પહોંચી ગયા

- નરેન્દ્ર મોદીના માતા હિરા બા ટીવી ઉપર શપથવિધિ નિહાળવામાં વ્યસ્ત રહ્યા હતા
- સોનિયા ગાંધી, રાહુલ ગાંધી, પૂર્વ વડાપ્રધાન મનમોહનસિંહ પણ ઉપસ્થિત રહ્યા
- લાલકૃષ્ણ આડવાણી પોતાના પરિવાર સાથે શપથવિધિમાં ઉપસ્થિત રહ્યા
- સંઘ નેતા રામ માધવ, મુરલી મનોહર જોશી, ઉદ્ધવ ઠાકરે શપથવિધિમાં ઉપસ્થિત રહ્યા
- રિલાયન્સના માલિક મુકેશ અંબાણી પોતાના પત્નિ નિતા અંબાણી સાથે પહોંચ્યા
- પ્રજાસત્તાક દિવસ કરતા વધારે મજબુત સુરક્ષા વ્યવસ્થા રાખવામાં આવી
- સાવચેતીરુપે નવી દિલ્હીમાં કલમ ૧૪૪ લાગુ કરવામાં આવી,
- બિહારના મુખ્યપ્રધાન નીતિશકુમાર ઉપસ્થિત રહ્યા
- શપથવિધીને લઈને મજબુત સુરક્ષા, ગુજરાત ભવનની બહાર બીએસએફ જવાનો તૈનાત રહ્યા
- હાઈ પ્રોફાઈલ શપથવિધીને લઈને પોલીસ સાવધાન રહી
- મોદી એવા પ્રથમ વડાપ્રધાન છે જે સ્વતંત્ર ભારતમાં જન્મયા છે
- સમારોહમાં કુલ ૬૦૦૦થી વધુ મહેમાનો ઉપસ્થિત રહ્યા
- કાર્યક્રમને ધ્યાનમાં લઈને રાષ્ટ્રપતિ ભવનમાં ચારે બાજુ મજબુત સુરક્ષા વ્યવસ્થા
- રાષ્ટ્રપતિ ભવનના બહારના પ્રાંગણમાં મોદીએ શપથ લીધા હતા. અગાઉ ચન્દ્ર શેખર, વાજપેયી પણ આ રીતે શપથ લઈ ચુક્યા છે
- શપથવિધીમાં બોલિવુડ સ્ટાર રજનિકાંત, લતા મંગેશકર, આશા ભોંસલે, અનિલ કપુર, રાહુલ દ્રવિડ, અનુપમ ખેર શપથવિધિમાં ઉપસ્થિત રહ્યા

# નરેન્દ્ર મોદી - પ્રેરણાદાયી વ્યક્તિત્વ

- નરેન્દ્ર મોદીનો ઘાંચી-તેલી સમુદાયમાં ૧૭મી સપ્ટેમ્બર ૧૯૫૦માં જન્મ થયો
- મહેસાણાના વડનગરમાં મોદીનો જન્મ થયો હતો
- દામોદરદાસ મૂલચંદ મોદી અને તેમના પત્નિ હિરાબેનના છ બાળકો પૈકીના મોદી ત્રીજા નંબરના પુત્ર હતા
- વડનગર રેલવે સ્ટેશન અને બસ સ્ટેન્ડ પર ચા પણ વેચી ચુક્યા છે
- વડનગર રેલવે સ્ટેશન પર મોદી બાળપણમાં તેમના પતિને ચા વેચવામાં મદદ કરતા હતા
- મોદીના માતાપિતાએ બાળપણમાં તેમના લગ્ન ગોઠવી કાઢ્યા હતા
- પરંપરાગત ઘાંચી જાતિ મુજબ લગ્ન ગોઠવી દેવાયા બાદ તેમના જશોદાબહેન સાથે લગ્ન કરાયા હતા
- મોદી તેમના પત્નિ સાથે ખુબ ઓછા સમય સુધી રહ્યા અને તેઓએ અલગ જીવન જીવવાનો નિર્ણય કર્યો હતો
- લોકસભાની ચૂંટણીમાં ઉમેદવારીપત્ર ભરતી વેળા મોદીએ પત્નિ તરીકે જશોદાબહેનના નામનો ઉલ્લેખ કર્યો હતો
- ૧૯૭૦માં સંઘના પ્રચારક બની ગયા હતા
- આઠ વર્ષની વયથી આરએસએસ સાથે જોડાયેલા રહ્યા છે
- ભાજપના ગુજરાત રાજ્ય એકમની સ્થાપના કરનાર જનસંઘના નેતાઓના તેઓ સંપર્કમાં આવ્યા હતા
- મોદીએ ગુજરાત યુનિવર્સિટીમાંથી પોલિટિકલ સાયન્સમાં માસ્ટર ડિગ્રી મેળવી હતી
- ૧૯૭૧ના ભારત પાકિસ્તાનના યુદ્ધ બાદ વિધિવતરીતે આરએસએસમાં જોડાયા હતા.
- જયપ્રકાશ નારાયણ હેઠળ ઈમરજન્સી સામે ઝુંબેશમાં જોડાયા હતા
- ૧૯૮૫માં મોદીને સંઘે ભાજપમાં જવાબદારી સોંપી હતી
- મુરલી મનોહર જોશીની કન્યાકુમારી-શ્રીનગર એકતા યાત્રાના આયોજન બાદ મોદી લોકપ્રિય થયા
- ૧૯૮૮માં મોદી ભાજપના ગુજરાત એકમના ઓર્ગેનાઈઝ્ડ સેક્રેટરી ચુંટાયા અને આની સાથે જ મુખ્ય પ્રવાહની રાજનીતિમાં એન્ટ્રી થઈ હતી
- ૧૯૯૫ની ચૂંટણી જીતમાં તેમની ગુજરાતમાં ભૂમિકા હતી
- મે ૧૯૯૮માં ભાજપના જનરલ સેક્રેટરી તરીકેની જવાબદારી સોંપાઈ હતી
- ગુજરાતમાં ૧૯૯૮ની વિધાનસભા ચૂંટણી માટે પસંદગી સમિતિમાં તેમની ભૂમિકા રહી હતી
- ૨૦૦૧માં કેશુભાઈ પટેલની તબિયત ખરાબ થયા બાદ ભાજપે પેટાચૂંટણીમાં ખરાબ દેખાવ કર્યો હતો
- ૨૦૦૧માં ભૂકંપના કારણે ગુજરાતને નુકસાન થયું હતું જેથી ભાજપ માટે મોટી સમસ્યા ઉભી થઈ હતી
- આવી સ્થિતિમાં મોદીની કેશુભાઈ પટેલની જગ્યાએ મુખ્યમંત્રી તરીકે પસંદગી કરાઈ હતી
- ૭મી ઓક્ટોબર ૨૦૦૧ના દિવસે મોદી ગુજરાતના મુખ્યમંત્રી તરીકે ચૂંટાયા
- ૨૭મી ફેબ્રુઆરી ૨૦૦૨માં ગોધરામાં અગ્નિકાંડના બનાવ બાદ મોદીની પ્રતિષ્ઠાને કોમી રમખાણના કારણે અસર થઈ હતી
- કોમી રમખાણમાં મોદીના શાસનમાં હજારો લોકોના મોત થયા હતા
- મોદી સામે માનવ અધિકાર સંગઠનો, વિરોધ પક્ષો દ્વારા હજુ પણ રમખાણ અંગે પ્રશ્નો ઉભા થાય છે
- કોમી રમખાણના કારણે ઘણા કેસો ગુજરાતની બહાર ખસેડવામાં આવ્યા હતા
- મોદી સામે ઘણા કેસો પણ કરાયા હતા
- ૨૦૧૨માં મોદીના કેટલાક પ્રધાનોને નરોડા પાટિયા હત્યાકાંડમાં અપરાધી ઠેરવવામાં આવ્યા હતા
- જુલાઈ ૨૦૦૭માં મોદીએ ગુજરાતના મુખ્યમંત્રી તરીકે સૌથી વધુ સેવા કરવાનો રેકોર્ડ સર્જી કાઢ્યો હતો
- ૨૦૦૭ની ચૂંટણીમાં ભાજપે ૧૮૨ પૈકી ૧૨૨ બેઠક જીતી હતી
- ૨૦૧૨માં ભાજપે મોદીના નેતૃત્વમાં ફરી જીત મેળવી હતી
- મોદીએ મુખ્યમંત્રી તરીકે હેટ્રિક નોંધાવી હતી
- નિમણૂંકોના મામલે રાજ્યપાલ સાથે તેમના સંબંધોને લઈને ચર્ચા થઈ હતી
- ૨૦૧૨ની ચૂંટણીમાં મોદીએ મણિનગરમાંથી ૮૬૭૭૩ મતે જીત મેળવી હતી. ભાજપે આ ચૂંટણીમાં ૧૮૨ પૈકી ૧૧૫ બેઠકો જીતી હતી
- માર્ચ ૨૦૧૩માં મોદીની ભાજપ સંસદીય બોર્ડમાં નિમણૂંક કરવામાં આવી હતી
- ૧૦મી જૂન ૨૦૧૨ના દિવસે મોદી ભાજપને રાષ્ટ્રીય સ્તરની કારોબારી બેઠકમાં ૨૦૧૪ની ચૂંટણી માટે નેતૃત્વ કરવા તૈયાર થયા
- સપ્ટેમ્બર ૨૦૧૩માં મોદીને લોકસભાની ચૂંટણી માટે ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર જાહેર કરાયા હતા
- મોદી વારાણસી અને વડોદરા બેઠક પરથી ૨૦૧૪ની ચૂંટણીમાં જીતી ગયા હતા
- પાંચ વર્ષ સુધી શાસન કર્યા બાદ ૨૦૧૯માં લોકસભાની ચૂંટણીમાં પણ ભાજપને ૩૦૩ સીટો જીતાડીને રેકોર્ડ સર્જીને વાપસી કરી હતી
- મોદીએ ૨૦૧૪માં વડાપ્રધાન તરીકે શપથ લીધા બાદ પાંચ વર્ષ પૂર્ણ કર્યા બાદ આજે ૨૦૧૯માં ફરી એકવાર વડાપ્રધાન તરીકે શપથ લીધા હતા.

# સઘન સુરક્ષા વચ્ચે શપથવિધિ

નવી દિલ્હી,તા. ૩૦

નરેન્દ્ર મોદીએ આજે સાંજે ૭ વાગે તમામ મહાનુભાવોની ઉપસ્થિતિમાં સતત બીજી વખત દેશના વડાપ્રધાન તરીકેના શપથ લીધા હતા. આ હાઈ પ્રોફાઈલ શપથવિધી વેળા કોઈ પણ અનિચ્છનીય બનાવ ન બને તે માટે સાવચેતીના તમામ પગલા લેવામાં આવ્યા હતા. શપથવિધીને લઈને સુરક્ષા જવાનોએ તેમની તમામ તૈયારી પહેલાથી જ કરી લીધી હતી. હજારોની સંખ્યામાં સુરક્ષા જવાનો તૈનાત કરવામાં આવ્યા હતા. પાંચ સ્તરીય સુરક્ષા વ્યવસ્થા ગોઠવી દેવામાં આવી હતી. જેમાં દિલ્હી પોલીસ, અર્ધ લશ્કરી દળ અને એનએસજી કમાન્ડોનો સમાવેશ થાય છે. જમીનથી લઈને આકાશ સુધીની સુરક્ષા ગોઠવી દેવામાં આવી હતી. રાષ્ટ્રપતિ ભવનની આસપાસ અભૂતપૂર્વ સુરક્ષા ગોઠવી દેવામાં આવી હતી. દિલ્હીમાં હાઈ એલર્ટની જાહેરાત પહેલાથી જ કરવામાં આવી હતી.

નામ જાહેર નહી કરવાની શરતે એક સુરક્ષા અધિકારીએ કહ્યું હતું કે પ્રજાસત્તાક દિવસની પરેડમાં જેટલી સુરક્ષા વ્યવસ્થા રાખવામાં આવે છે તેટલી જ સુરક્ષા ગોઠવી દેવામાં આવી હતી. આ વખતે બિમ્સટેક દેશોના વડાઓ શપથવિધિમાં ઉપસ્થિત રહ્યા હતા. ૨૦૧૪માં સાર્ક દેશોના વડાઓને આમંત્રણ આપવામાં આવ્યું હતું. આ વખતે બિમ્સટેક દેશોના વડાઓને આમંત્રણ આપવામાં આવ્યું હતું. પાકિસ્તાનના વડાપ્રધાન ઈમરાન ખાનને આમંત્રણ આપવામાં આવ્યું ન હતું. વડાપ્રધાનની ઓફિસ નોર્થ બ્લોક, સાઉથ બ્લોક જેવી નજીકની ઈમારતો ખાતે પહેલાથી અભૂતપૂર્વ સુરક્ષા વ્યવસ્થા રાખવામાં આવી હતી રાષ્ટ્રપતિ ભવનની ઉપર અવકાશમાં નો ફ્લાય ઝોનની જાહેરાત કરવામાં આવી હતી. પરંતુ સુરક્ષા સંસ્થાઓ કોઈ પણ તક લેવા માંગતા ન હતા. કોઈ રડારમાં ન દેખાતા નાના વિમાનોને લઈને સુરક્ષા સંસ્થા સાવધાન રહી હતી.

# નરેન્દ્ર મોદીના મહેમાનોને સ્વાદિષ્ટ ભોજન પીરસાયું

નરેન્દ્ર મોદીના શપથવિધિ કાર્યક્રમમાં ભાગ લેવા પહોંચેલા મહેમાનોને ખૂબ જ સ્વાદિષ્ટ ભોજન



પીરસવામાં આવ્યું હતું. આમાં શાકાહારી અને માંસાહારી બન્ને પ્રકારના ભોજનની વ્યસ્થા રાખવામાં આવી હતી. પહેલા એવું માનવામાં આવી રહ્યું હતું કે, મહેમાનોને માંસાહારી ભોજન આપવામાં આવશે નહીં. પરંતુ છેલ્લે કાર્યક્રમમાં ફેરફાર કરવામાં આવ્યો હતો. જે ભોજન રાખવામાં આવ્યા હતા. નરેન્દ્ર મોદીની શપથવિધિમાં આશરે ૬૦૦૦થી પણ વધુ મહેમાનો પહોંચ્યા હતા. શપથવિધિ કાર્યક્રમ યોજાયા બાદ સાંજે ડિનરનું આયોજન કરવામાં આવ્યું હતું. શપથવિધિ માટેની તૈયારીઓ છેલ્લા કેટલાક દિવસોથી ચાલી રહી હતી. ડીનરમાં વેજ અને નોનવેજ બંનેની વ્યવસ્થા કરવામાં આવી હતી. રાષ્ટ્રપતિ ભવનમાં રસોડાને આદેશ કરવામાં આવ્યા હતા કે, મહેમાનો માટે કેટલાક લોકો ભારતના પૂર્વીય ભાગના છે જેથી પૂર્વીય ભાગોમાં રાત્રિ ભોજન હળવું રાખવામાં આવે છે. ડીનર મેન્યુમાં દાલ રાયસીનાને પણ જગ્યા આપવામાં આવી હતી જેને બનાવવા માટેની તૈયારી ગઈકાલે શરૂ થઈ ચુકી છે. ગુરુવારના દિવસે રાત્રિ ભોજન માટે રાષ્ટ્રપતિ ભવને ૪૮ કલાક પહેલા જ તૈયારી શરૂ કરી દીધી હતી. આ વખતે ૧૪ દેશોના પ્રમુખ, અનેક દેશોના રાજદૂતો, બુદ્ધિજીવીઓ, ફિલ્મ સ્ટાર અને સેલિબ્રિટીઓ તથા મુખ્યમંત્રી ઉપસ્થિત હતા. અનેક વરિષ્ઠ રાજનેતાઓ પણ આમા હાજર રહ્યા હતા.

# તંબોળિયા નર્મદા કેનાલમાં મોટું ગાબડું પડતા ચકચાર

પાટણ,તા. ૩૦

પાટણના હારીજ તાલુકાના તંબોળીયા ગામેથી પસાર થતી નર્મદા મુખ્ય કેનાલના દરવાજાઓની આગળ જ ૫૦ ફૂટ ઉપરાંતનું મસમોટું ગાબડું પડતાં સમગ્ર પંથકમાં ભારે ચકચાર મચી ગઈ છે કારણ કે, આ ગાબડાને લઈ હવે ચોમાસું નજીક છે ત્યારે ભારે વરસાદ થાય તો આખા તંબોળિયા ગામને ખતરો થઈ શકે છે. કેનાલના ગાબડા બાદ પણ સરકારીબાબુઓ અગાઉથી કોઈ પગલા ભરવા તૈયાર નથી અને સરકારનું કાંઈ સંભળાતું ના હોય તેવું દેખાઈ રહ્યું છે. કેનાલના આટલા મોટા ગાબડાના રેપરીંગનું કામ પણ અધ્ધરતાલ રહેતાં હવે સ્થાનિક ગ્રામજનોમાં તંત્રના આટલા ગંભીર બેદરકારીભર્યા અને નિષ્ક્રિય વલણને લઈ હવે રોષની લાગણી જોવા મળી રહી છે. સરદાર સરોવર નર્મદા નિગમ મુખ્ય કેનાલ તંબોળિયા નજીક સીઆરસાંકળ ૩૩૩.૮૪૮ નંબર પર આવેલા દરવાજાની ધમધમતા પ્રવાહની બહાર ૫૦ ફુટ મોટું ગાબડું પડેલું છે. જેના કારણે છેલ્લા બે માસથી બ્રાન્ચ કેનાલમાં પણ પાણી બંધ છે. કેનાલના ગાબડાને રીપેરીંગને લઈ નર્મદા કેનાલના કર્મચારીઓ ઘોર નિંદ્રામાં પડ્યા હોય તેવું સ્પષ્ટ દેખાઈ રહ્યું છે. જો પ્રથમ વરસાદ આવતાની સાથે જ કેનાલ તુટે તો ૨૦૧૭ની અતિવૃષ્ટિમાં ખારીયા ગામની કેનાલ તૂટતા જે પરિસ્થિતિ થઈ હતી તેના કરતા પણ વિપરીત પરિસ્થિતિનું નિર્માણ થઈ શકે તેવી ગંભીર દહેશત સર્જાઈ છે.

## 'મૈ નરેન્દ્ર દામોદરદાસ...'

● અનુસંધાન પહેલાનું ચાલુ

લેવડાવવામાં આવ્યા બાદ રાજ્યમંત્રી તરીકે પ્રધાનોએ શપથ લીધા હતા જેમાં સંતોષ ગંગવાર, કિરણ રિજ્જુ, આરકે સિંહનો સમાવેશ થાય છે. શપથવિધિ કાર્યક્રમમાં કોંગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધી, યુપીએ અધ્યક્ષ સોનિયા ગાંધી, પૂર્વ વડાપ્રધાન મનમોહનસિંહ, દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ પણ ઉપસ્થિત રહ્યા હતા. ફિલ્મ અભિનેતા શાહિદ કપૂર, રજનીકાંત પણ વિશેષરીતે ઉપસ્થિત રહ્યા હતા. ઉદ્યોગપતિ અનિલ અંબાણી, ઉદ્યોગપતિ મુકેશ અંબાણી, તેમના પત્નિ નીતા અંબાણી, રતન તાતા પણ ઉપસ્થિત રહ્યા હતા. અગાઉ આજે સવારે સતત બીજી અવધિમાં દેશના વડાપ્રધાન તરીકે શપથ લેતા પહેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દિવસની શરૂઆત રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની સમાધી પર જઈને નમન કરવા સાથે કરી હતી. ત્યારબાદ મોદી અટલ બિહારી વાજપેયીની સમાધી પર પહોંચ્યા હતા. જ્યાં તેઓએ તેમને શ્રદ્ધાંજલિ આપી હતી. આ ઉપરાંત મોદી નેશનલ વોર મેમોરિયલ ખાતે પણ પહોંચ્યા હતા. જ્યાં મોદીએ શહીદ જવાનોને નમન કર્યુ હતુ. વડાપ્રધાન સૌથી પહેલા રાજઘાટ ખાતે પહોંચ્યા હતા. જ્યાં તેઓએ મહાત્મા ગાંધીને શ્રદ્ધાંજલિ આપી હતી. ત્યારબાદ તેઓ વાજપેયીની સમાધિ સદેવ અટલ પહોંચ્યા હતા. જ્યાં તેઓએ શ્રદ્ધાંજલિ આપી હતી. આ ગાળા દરમિયાન તેમની સાથે ભાજપ પ્રમુખ અમિત શાહ, જેપી નડ્ડા, પિયુશ ગોયલ, રવિશંકર પ્રસાદ, પ્રકાશ જાવડેકર, ગિરિરાજ સિંહ પણ હતા. મોદીએ આ વર્ષે ૨૬મી ફેબ્રુઆરીના દિવસે વોર મેમોરિયલનુ ઉદ્‌ઘાટન કર્યુ હતુ. મોદીએ સતત બીજી વખત પ્રચંડ બહુમતિ સાથે સત્તામાં આવીને નવો રેકોર્ડ સર્જ્યો છે. હાલમાં યોજાયેલી લોકસભાની ચૂંટણીમાં એકલા ભાજપને ૩૦૩ સીટો મળી છે. જ્યારે એનડીએને ૩૫૩ સીટો મળી છે. વર્ષ ૨૦૧૪માં ભાજપને ૨૮૨ સીટો મળી હતી. વડાપ્રધાન પદના શપથ દરબાર હોલની જગ્યાએ રાષ્ટ્રપતિ ભવનના બહારના પ્રાંગણમાં યોજવામાં આવ્યા હતા. દરબાર હોલમાં માત્ર ૫૦૦૦ લોકોના સમારોહ યોજી શકાય છે. સૌથી પહેલા ચંદ્રશેખરે ૧૯૯૦માં બહારી પ્રાંગણમાં વડાપ્રધાન તરીકે શપથ લીધા હતા. ૨૦૧૪માં વડાપ્રધાનના શપથગ્રહણમાં સાર્ક દેશોના પ્રમુખ ઉપરાંત ૪૦૦૦ મહેમાનોએ ભાગ લીધો હતો. કાર્યક્રમમાં ૧૪ દેશોના પ્રમુખ જોડાયા હતા. શપથગ્રહણ કાર્યક્રમમાં બિમસ્ટેક દેશોના રાષ્ટ્ર વડાઓ સહિત આઠ દેશોના નેતાઓને આમંત્રણ આપવામાં આવ્યું છે. બિમસ્ટેકમાં ભારત સહિત દક્ષિણ એશિયા અને દક્ષિણ પૂર્વ એશિયાના સાત દેશો સામેલ છે જે બંગાળની ખાડી સાથે જોડાયેલા છે. આ દેશોમાં ભારત ઉપરાંત બાંગ્લાદેશ, મ્યાનમાર, શ્રીલંકા, થાઈલેન્ડ, નેપાળ અને ભુટાનનો સમાવેશ થાય છે. આ તમામ દેશોના વડાઓ ઉપસ્થિત રહ્યા હતા. મોદી કેબિનેટમાં ૧૮થી ૨૦ નવા ચહેરાઓને સામેલ કરવામાં આવ્યા છે. મોદીની સાથે આજે ૫૭ અન્ય પ્રધાનોએ શપથ લીધા હતા જેમાં ૨૫ કેબિનેટ, નવ સ્વતંત્ર હવાલા સાથે કેબિનેટમંત્રીઓ અને ૨૪ રાજ્યમંત્રી તરીકે શપથ લીધા હતા. છ મહિલાઓને પણ કેબિનેટમાં સામેલ કરવામાં આવી છે.

## આદેશ

● અનુસંધાન પહેલાનું ચાલુ

બીજી બાજુ કોંગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધીએ જે રીતે રાજીનામુ આપી દેવાની ઓફર કરી છે તેને જોતા તેમને મનાવવાના પ્રયાસ થઈ રહ્યા છે. આવી સ્થિતીમાં પ્રવકતા માટે આવા પ્રશ્નોના જવાબ આપવા માટે મુશ્કેલ થાય છે. કોંગ્રેસની અંદર હાલમાં ભારે ઉથલપાથલનો માહોલ છે.લોકસભાની ચૂંટણીમાં કારમી હાર થયા બાદ કોંગ્રેસ પાર્ટી અભૂતપૂર્વ સંકટનો સામનો કરી રહી છે. રાજસ્થાન અને મધ્યપ્રદેશમાં કોંગ્રેસ છાવણીમાં વ્યાપક અસંતોષની સ્થિતિ છે. રાજસ્થાન, મધ્યપ્રદેશ, કર્ણાટકમાં મોદીની સુનામીના લીધે કોંગ્રેસ પાર્ટીમાં હાહાકાર છે. કોંગ્રેસ પાર્ટીના સુપડા સાફ થઈ ગયા છે. કોંગ્રેસ પાર્ટીને ચૂંટણીમાં માત્ર ૫૫ સીટ મળી છે. જ્યારે ભારતીય જનતા પાર્ટીને ૩૦૩ સીટો મળી ગઈ છે. કોંગ્રેસ પાર્ટીમાં રાજીનામાનો દોર જારી છે.આસામથી લઈને પંજાબ અને મધ્યપ્રદેશથી લઈને રાજસ્થાન સુધીના દિગ્ગજ નેતા હોદ્દા ઉપરથી રાજીનામુ આપવાની ઈચ્છા વ્યક્ત કરી ચુક્યા છે. આ દિગ્ગજો કોંગ્રેસ પ્રમુખને રાજીનામા મોકલી ચુક્યા છે. રાહુલે કોંગ્રેસના બે વરિષ્ટ નેતાઓને મળીને પોતાના રિપ્લેશમેન્ટને શોધી કાઢવા માટે પણ કહી દેવામાં આવ્યું છે. હજુ સુધી ૧૩ મોટા નેતાઓના રાજીનામાની ઓફર થઈ ચુકી છે.

## તાજપોશી

● અનુસંધાન પહેલાનું ચાલુ

બે દશકની તેમની કેરિયરમાં જગનમોહન રેડ્ડીએ સારા અને ખરાબ દિવસો રહ્યા છે. કારોબારી તરીકે રેડ્ડીનો ગાળો એક દશક સુધી ચાલ્યો હતો. તમામ પ્રકારની અડચણો આવી હોવા છતાં આખરે આમાથી બહાર નિકળી ગયા છે. આંધ્રપ્રદેશમાં શાનદાર જીત હાંસલ કર્યા બાદ આજે મુખ્યમંત્રી તરીકેના શપથ લીધા હતા. રેડ્ડીએ વિજયવાડામાં આઈજીએમસી સ્ટેડિયમમાં આયોજિત કાર્યક્રમમાં પાર્ટી નેતાઓ અને કાર્યકરોની ઉપસ્થિતિમાં શપથ લીધા હતા. બપોરે ૧૨.૨૩ વાગે જગનમોહન રેડ્ડીએ તેલુગુ ભાષામાં શપથ લીધા હતા. અત્રે નોંધનીય છે કે, હાલમાં યોજાયેલી વિધાનસભાની ચૂંટણીમાં તથા લોકસભાની ચૂંટણીમાં તેમની પાર્ટીએ જોરદાર સપાટો બોલાવ્યો હતો. આંધ્રપ્રદેશ વિધાનસભાની ચૂંટણીમાં તેમની પાર્ટીએ ૧૭૫ પૈકીની ૧૫૧ સીટો જીતી લીધી છે.

## રૂપાલા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મંત્રી મંડળની જવાબદારી વિશે રૂપાલાએ કહ્યું કે ગત વખતે પણ મને સરકાર અને સંગઠન દ્વારા જે જવાબદારી આપવામાં આવી હતી તેને મેં પુરી નિષ્ઠાપૂર્વક નિભાવી હતી. આ વખતે પણ જે જવાબદારી સોંપવામાં આવશે તેને સંપૂર્ણપણે નિષ્ઠાથી નિભાવીશ.

## વાવણીનો પ્રારંભ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ખરીફના વાવેતરમાં વધુ સક્રિય થશે તેમ મનાઈ રહ્યું છે.

જિલ્લામાં ૨૦૧૮-૧૯ના વર્ષ દરમ્યાન ૨૦૧૭-૧૮ દરમ્યાન લગભગ તમામ સીઝનના થયેલ વાવેતરમાં જિલ્લાનું સરેરાશ ઉત્પાદન થવાની વાતો ખેડૂત વર્તુળોમાં ચર્ચાતી જોવા મળી છે. જોકે કપાસના પાકમાં થોડુક નુકશાન જોવા મળ્યુ હતુ જોકે ઉત્પાદનમાં આંશિક ઘટાડો નોંધાયો હોવાનું પણ આ વર્તુળો કહી રહ્યા છે.

મગફળી, દિવેલા, રાઈ, ઘઉં, બાજરી જેવા પાકોમાં સરેરાશ ઉત્પાદન લગભગ જળવાઈ રહ્યુ હોવાનું જાણકારોનું કહેવુ છે. ઘઉંના ઉત્પાદનમાં ઠંડીના વધુ રાઉન્ડને કારણે થોડુક ઉત્પાદન હેક્ટરદીઠ વધ્યુ હોવાનું પણ આ વર્તુળોએ સ્વીકાર્યું છે.

બીજી તરફ ખેતીની પરંપરાગત પદ્ધતિમાં બદલાવ કરી આ વખતે ખેડૂતો ડ્રીપ ઈરીગેશન પ્રથાનો સ્વીકાર કરવા ઉત્સુક બન્યા હોવાનું પણ જાણવા મળેલ છે. જિલ્લામાં ખેડૂતો દ્વારા છેલ્લા બે વર્ષથી આ માટેની સહાય રાજ્ય સરકારમાંથી મેળવવા પણ જે રીતે અરજીઓ કરી રહ્યા છે તે નોંધનીય છે.

## નો-ડ્યુ પ્રમાણપત્ર

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આવી છે. આવા કિસ્સમાં વાહનને પ્રથમ બેકલોગ કરી કચેરીએ પરસ્પર સંપર્ક કરી કોઈ વિભાગીય પગલા કેસ બાકી તો નથી , વોન્ટેડ નોંધ તેમજ અન્ય લેંણુ બાકી હોવાની ચકાસણી કરી કામગીરી હાથ ધરવા પણ સુચના આપવામાં આવી છે. આ માટે દરેક કચેરીએ પોતાના બાકી રહેલા ડી એ કેસ ઈચલણ મોડ્યુલમાં આગામી તા ૩૧ મેં સુધી ચડાવી દઈ તેનુ પ્રમાણપત્ર વડી કચેરીએ મોકલી આપવા માટે પણ તાકીદ કરાઈ છે.

## નિષ્ઠાથી કરીશ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મંત્રી બન્યા બાદ પણ હું સાઈકલ પર સંસદ જતો હતો. સાંજે રાષ્ટ્રપતિ ભવન ખાતે પણ હું સાઈકલ લઈને જ જવાનો છું. સાઈકલ ઈકો-ફ્રેન્ડલી છે એટલું જ નહીં તેનાથી ઈંધણની બચત થાય છે અને શારીરિક સ્વાસ્થ્ય સારું રહે છે. લોકો સાઈકલનો ઉપયોગ કરે તે માટે અમે ચળવળ પણ ચલાવીએ છીએ.

## દંડ વસુલ્યો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ઉજવણી માટે સે. ૧૨માં આવેલ આંબેડકર હોલમાં જિલ્લાકક્ષાનો કાર્યક્રમ યોજવામાં આવેલ છે.

આ અંગે એક વિશિષ્ટ વર્કશોપનું પણ આયોજન કરવામાં આવ્યુ છે. બીજી તરફ આ વર્કશોપમાં હાજર નહિ રહેનાર કર્મચારી માટે જે તે મેડીકલ ઓફિસર જવાબદાર ગણાશે તેવા વિવાદાસ્પદ પત્રએ પણ પંચાયત કચેરીના સંકુલમાં ભારે ચર્ચા જગાવી છે. રાજ્ય સરકારે તમાકુ વિરોધી દિવસની ઉજવણી હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર પર કરવામાં આવે તેવો આગ્રહ કર્યો છે તેમજ નિવ્યસની જીવન એ સારા આરોગ્યની નિશાની છે તે સંદેશ પ્રદર્શિત અને પ્રસારિત થાય તે જોવા પણ આગ્રહ કર્યો છે.

ટચુકડી જાહેર ખબર
ગાંધીનગર સમાચાર
દર ગુરુવારે રવિવારે